જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૭/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૯૨/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮ | ૪,૧૧,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

**પી.સી.બી.**

## વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઘરેલુ રાંધણ ગેસ ભરેલ બાટલામાથી ગેસ કાઢી કોમર્શિયલ ગેસના બાટલામાં ગેરકાયદેસર રીતે રીફિલીંગ કરનાર ઈસમને ગેસના બાટલા નંગ-૧૦૪ કિ.રૂ.૨,૯૭,૦૪૨/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રૂપિયા ૩,૨૭,૦૪૨/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા ગેરકાયદેસર રીતે ચાલતી પ્રવૃતિઓને અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૦૪.૦૭.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ,અ.હે.કો.વિષ્ણુદાન ઈશ્વરદાન બ.ન.૯૫૯૬, અ.હે.કો.અનિરુધ્ધસિહ ધીરુભાઈ બ.ન.૮૯૯૦, અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવીણસિંહ બ.ન.૬૧૬૮, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.પો.કો.ઈન્દ્રસિહ પ્રવીણસિંહ બ.ન.૬૧૬૮, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે વટવા જી.આઈ.ડી.સી.વિસ્તારમા હાથીજણ સર્કલથી વિંઝોલ ગામ તરફ જતા જમણી બાજુના ભાગે આવેલ ધનપાળેશ્વર મહાદેવ મંદિરની જમણી બાજુના ભાગે રોડની જમણી બાજુમાં ખુલ્લી જગ્યામાં લીલા કલરની મેટથી આડશ કરેલ જગ્યા તથા તેની બાજુમાં આવેલ ઓરડીમાં રેઈડ કરી આરોપી સુમિતકુમાર વિનોદકુમાર પ્રજાપતિ રહે.ઓરડીમા તથા મુળ રહેવાસી- ગામ ભટાસ, તા.ફરુકાબાદ ઉતરપ્રદેશ નાને ઘરેલુ રાંધણગેસ ના બાટલા નંગ ૧૦૪ કિ.રુ.૨,૯૭,૦૪૨/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩,૨૭,૦૪૨/- ની મત્તા સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી વટવા જી.આઈ.ડી.સી. પો.સ્ટે. સી પાર્ટ ગુ.ર.ન.૧૧૧૯૧૦૧૯૨૨૦૩૭૦/૨૦૨૨ ઈ.પી.કો.કલમ ૨૮૫,૧૧૪ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારો કલમ ૩,૭ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી અન્ય નહી પકડાયેલ આરોપીઓની સાથે મળી એકબીજાની મદદગારીમા રહીને ઘરેલુ રાંધણ ગેસના બાટલામાથી ગેસ કાઢી કોર્મશિયલ ગેસના બાટલામા ઈલેકટ્રોનિક સાધનોની મદદથી રિફલિંગ કરી લોકોની જીંદગી જોખમાય કે વ્યથા થવા સંભવ હોય તે રીતે કૃત્ય કરી ગુનો કરેલ છે.

**પકડાયેલ આરોપીઓ:**

(૧) સુમિતકુમાર વિનોદકુમાર પ્રજાપતિ રહે.ઓરડીમા તથા મુળ રહેવાસી- ગામ ભટાસ, તા.ફરુકાબાદ ઉતરપ્રદેશ

**નહી પકડાયેલ આરોપીઓ:**

(૧) બિપીન રામનિવાસ બાથમ રહે.વટવા અમદાવાદ શહેર (૨) ગુલુ શ્રીનિવાસ રહેવાસી- રહે.બનાવ વાળી જગ્યાની આજુબાજુમાં મુળ રહે.ઉતરપ્રદેશ

**ગુનાની જગ્યા :**

વટવા જી.આઈ.ડી.સી.વિસ્તારમા હાથીજણ સર્કલથી વિંઝોલ ગામ તરફ જતા જમણી બાજુના ભાગે આવેલ ધનપાળેશ્વર મહાદેવ મંદિરની જમણી બાજુના ભાગે રોડની જમણી બાજુમાં ખુલ્લી જગ્યામાં લીલા કલરની મેટથી આડશ કરેલ જગ્યા

**પકડાયેલ મુદામાલ :**

(૧) વિવિધ ગેસ કંપનીઓના ઘરેલ તેમજ કોર્મશિયલ ભરેલ તથા ખાલી બાટલા નંગ ૧૦૪ કિ.રૂ.૨,૯૭,૦૪૨/-(૨) ઈલેક્ટ્રિક મીટરો નંગ ૪ કિ.૨૦૦૦૦/- (૩)વજન કાંટા નંગ ૨ કિ.૫૦૦૦/- (૪)વાલ્વ નંગ ૨ કિ.રૂ.૨૦૦૦/-(૫)ઈલેકટ્રીક હીટ ગન નંગ ૧ કિ.રૂ.૧૦૦૦/-(૬)વિવિધ ગેસ કંપનીની ગેસના બાટલા ઉપર મારવાની કેપો નંગ ૨૦૦ કિ.રૂ.૦૦/- તથા ભારત તથા ઈન્ડેન ગેસન બાટલાઓ ઉપર સીલ મારવા માટે ઉપયોગમા લેવા પ્લાસ્ટીક ના રેપર નંગ ૩૦૦ કિ.રૂ.૦૦/- મળી કુ.કિ.રૂ.૩,૨૭,૦૪૨/- નો મુદામાલ.



# ચોરીના આરોપીની અટકાયતની વિગત

## પાલડી પોલીસ સ્ટેશનઃ-

## ચોરીએ ગયેલ મોબાઈલ ફોનના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડતી પાલડી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા મે. સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પો.કમિ.શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી એન ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલ્કત સંબધી ગુનાઓ અટકાવવા તથા શોધવા કરેલ હુકમ આધારે પાલડી પોલીસ સ્ટેશન પો.ઇન્સ.શ્રીમતી રિદ્ધિ દવે સાહેબનાઓના સુપરવિઝન હેઠળ પાલડી પોલીસ સ્ટેશન મ.સ.ઇ.શ્રી કેસાભાઈ મણાભાઈ તથા સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અનાર્મ લોકરક્ષક પ્રવિણસિંહ ભુરાજી બ.નં-૧૩૨૭૨ નાઓની ચોક્કસ બાતમી હકીકત આધારે પાલડી પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૬૨૨-૦૨૩૮/૨૦૨૨ ધી ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો આચરનાર આરોપીઓ- (૧) મુકેશ સોનાજી ખટીક ઉવ.૨૬ રહે-૧૫૮ ગલી નં.૯ સોરાઇનગર વાસણા અમદાવાદ શહેર (૨) સુરેશ બનવારીલાલ રાજપુત ઉવ.૨૨ રહે-શ્રીનગર એક્તા સ્કુલની પાછળ વાસણા અમદાવાદ શહેરનાઓને પાલડી ભઠ્ઠા ચાર રસ્તા બ્રીજ નીચે બાતમી હકિક્ત આધારે તા.૦૪/૦૭/૨૦૨૨ રાત્રીના કલાક ૨૦/૦૫ વાગે આ કામે ચોરી ગયેલ મુદ્દામાલના મોબાઈલ ફોન - રેડમી કંપનીનો મોબાઇલ ફોન કિં. રૂ.૮૦૦૦/- તથા ચોરીમાં વાપરેલ બજાજ પલ્સર મો.સા.નં. . GJ-01-LV-2239 ની કિમત રૂ.૩૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે કુલ્લે રૂપિયા.૪૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેઓના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે સદર ગુનાની આગળની તપાસ મસઈ કેસાભાઈ મણાભાઈ બનં-૭૫૯૩ નાઓ ચલાવી રહેલ છે તા.૪/૦૭/૨૦૨૨.



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન:

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી અવાર-નવાર પ્રોહી/જુગાર ની ડ્રાઇવ નુ આયોજન થઇ રહેલ હોય તેને લઇને પો.સ્ટે.વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો તા.03/0૭/૨૦૨૨ ના રોજ ક.૧૬/30 વાગે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમા ચાલુ હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૬/૫૦ વાગે ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવતા સાથેના અ.પો.કોન્સ અવિનાશસિંહ ઇન્દ્રસિંહ તથા અ.પો.કોન્સ વિજયસિંહ અનોપસિંહ નાઓને સંયુકત રીતે ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે "કૃષ્ણનગર ઠક્કરનગર સી.જે.માર્કેટ ની ગલીમાં મ.નં-૧૨૪૫ ના પહેલા માળે રહેતા કબ્ઝેદાર વિનોદભાઇ કિશનચંદ ચેલાણી(સિંધી) નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી કેટલાક ઇસમોને બોલાવી પૈસા પાના થી નાણા ની હાર જીતનો જુગાર રમે રમાડે છે.અને હાલમાં પણ સદરી જગ્યાએ જુગારનો અખાડો ચાલુ છે " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી બાતમી હકિકત વાળી જગ્યા સી.જે.માર્કેટ ની ગલી મ.નં-૧૨૪૫ પાસે આવી સીડી વાટે પહેલા માળે જઇ મકાનમાં રેઇડ કરી જુગાર રમતા સાત (આરોપીઓ)ને જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૮,૪૫0/-તથા દાવના નાંણા રૂ.૨,૧00/-તથા નાળના નાંણા રૂ.૨,000/-મળી કુલ્લે રોકડ નાણા ૨૨,૫૫0/-તથા ગંજીપાના નંગ ૫૨-કિ.રૂ.00/00 તથા મો.ફોન નંગ-૭ કિ.રૂ.3૫,૫00/-તથા બે ટુ વ્હિલર વાહન કિ.રૂ.૫૫,000/-સાથે મળી કુલ્લે રૂ,૧,૧3,0૫0/-ના મુદ્દામાલ સાથે તા.03/0૭/૨૦૨૨ ના ક.૧૯/30 વાગે જુગાર ધારા કલમ-૪,૫ મુજબ પકડી પાડી જુગારનો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે

**આરોપીઓના નામ :-**

નં-(૧)વિનોદભાઇ સ/ઓ કિશનચંદ આશારામ જાતે ચેલાણી(સિંધી) ઉ.વ.૫૮ ધંધો-નિવૃત રહે-મ.નં-૧૨૪૫,સી.જે.માર્કેટ ની ગલીમાં પહેલા માળ ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર+૬ = ૭

**મુદ્દામાલ:-**

જુગાર રમવાના સાધાનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૮,૪૫૦/-તથા દાવના નાંણા રૂ.૨,૧૦૦/- તથા નાળના નાંણા રૂ.૨,૦૦૦/-મળી કુલ્લે રોકડ નાણા ૨૨,૫૫૦/-તથા ગંજીપાના નંગ ૫૨- કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૭ કિ.રૂ.૩૫,૫૦૦/-તથા બે ટુ વ્હિલર વાહન કિ.રૂ.૫૫,૦૦૦/-સાથે મળી કુલ્લે રૂ,૧,૧૩,૦૫૦/-ના મુદ્દામાલ

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા અ.હેડ.કોન્સ રવિરાજસિંહ નટુભા બ.નં-૮૫૯૦ તથા અ.પો.કોન્સ અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં.૧૦૬૬૩ તથા અ.પો.કોન્સ વિજયસિંહ અનોપસિંહ બ.નં-૧૦૬૭૩ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮

**આરોપીઓનો ફોટો**



## <u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૯૩/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૪૮ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૯૪/૨૦૨૨</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## <u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૯૫/૨૦૨૨</u>

**સાયબર ક્રાઇમ**ઃ શશીનભાઇ જયંતીભાઇ પટેલ (ઉ.વ.૩૪)(રહે.મણીકમલ સોસાયટી, સુરધારા સર્કલ પાસે, થલતેજ) એ તા.૦૪/૦૭/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જાન્યુઆરી/૨૦૨૨ ના પહેલા અઠવાડીયા થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અમરદિપસિંઘ તથા તેની સેક્રેટરી સુજાતા મોન્ત્રોસે તથા તેમની મળતીયાઓએ ભેગામળી “વિક્રમશીલા ફાઉન્ડેશન” નામની ખરેખર કોઇ સંસ્થા અસ્તીત્વમાં ન હોવા છતા આવા ખોટા નામથી સંસ્થા ઉભી કરી, પોતે તેના ફાઉન્ડર હોવાની હકીકત શશીનભાઇને જણાવી, “વિક્રમશીલા યુનિવર્સીટી” ની ફેક વેબસાઇટ બનાવી, વેબસાઇટ ઉપર યુનિવર્સીટી નિર્માણના જુદા-જુદા કામોના ટેન્ડર ઓનલાઇન બહાર પાડી, તેની એડવટાઇઝમેન્ટ વેબસાઇટ ઉપર કરતા તે ટેન્ડરો મેળવવા શશીનભાઇએ બંન્ને ઇસમોનો તેમના મોબાઇલ નંબર ઉપર તેમજ ઇ-મેઇલ થી સંપર્ક કરતા તેઓએ “વિક્રમશીલા યુનિવર્સીટી”ના નીર્માણ માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડરની પ્રોસેસને લગતી હકીકત જણાવી, શશીનભાઇ ને વિશ્વાસમાં લઇ ફેક વેબસાઇટ ઉપર મુકેલ ટેન્ડર પૈકી બે ટેન્ડર ભરી, ઇન્ફ્રાસ્ટ્રકચરનું કામ આપવા સારૂ ટેન્ડર મેળવવા ભરવાની થતી પ્રોસેસ ફી ના નાણા ૭૫,૧૫,૦૦૦/- ના જુદી-જુદી તારીખના બે ટ્રાન્જેકશન બે ટેન્ડરની ફી પેટેના કુલ રૂપિયા ૧,૫૦,૩૦,૦૦૦/- આરોપીઓએ પોતે બનાવટી ઉભી કરેલ “વિક્રમશીલા ફાઉન્ડેશન” ના IndusInd બેંકના ખાતા નંબર-201015564105 માં આર.ટી.જી.એસ મારફતે મેળવી લઇ, શશીનભાઇનો વિશ્વાસ કેળવવા vikramshilauniversity નામ ના ખોટા બનાવટી BILL OF QUANTITIES તેમજ અન્ય ડોક્યુમેન્ટ મોકલી આપી બાદમાં શશીનભાઇને કોઇ કામ નહી આપી તેમજ ભરેલ નાણા પરત નહી કરી શશીનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.સરોદે ચલાવે છે.

**ખાડીયાઃ** નરેશકુમાર ચંપકલાલ શાહ (ઉ.વ.૫૪)(રહે.નેમરાજુલ એપાર્ટમેન્ટ જેઠાભાઇ પાર્કની ગલીમાં પાલડી)એ તા.૦૪/૦૭/૨૦૨૨ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૬/૨૦૨૨ બપોરના ૨/30 થી તા.૦૯/૦૬/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન માણેકચોક ધાંચીની પોળના નાકે "હર્ષ ઓર્નામેન્ટ" નામની નરેશકુમારની દુકાનમાં કામ કરતો આરોપી પ્રદિપ દેવારામ સુથાર (ઉ.વ.૨૨)(રહે.તારંગા હિલ સોસાયટી, નિર્ણયનગર આશ્રમરોડ. મુળ ગામ: પાડીવ, હડમતીયા નગર, તા.જી.: સિરોહી રાજસ્થાન) એ નરેશભાઇને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી સોનાના અલગ-અલગ દાગીના કુલ કિંમત રૂપિયા ૧૭,૧૪,૨૦૦/- મતાના મેળવી લઇ નાસી જઇ નરેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.દેસાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** યોગરાજસિંહ મેધુભા ચુડાસમા (ઉ.વ.૬૨)(રહે.શામળદાસ બિલ્ડીંગ કબીરચોક પોસ્ટ ઓફીસ સામે સાબરમતી) એ તા.૦૪/૦૭/૨૦૨૨ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૦ થી તા.૦૪/૦૭/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઋષીરાજસિંહ ઇન્દ્રસિંહ ચુડાસમા (રહે.ગામ-પીપળ તા.ધંધુકા જી.અમદાવાદ) એ યોગરાજસિંહ પાસેથી ૧૫ લાખ રૂપિયા ઉછીના લિધેલ જે થોડા સમય પછી પરત આપવાનુ કહી, અવાર-નવાર રૂપિયા પરત માંગવા છતા આજદિન સુધી રૂપિયા પરત નહી આપી યોગરાજસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.પ્રજાપતિ ચલાવે છે.

## <u>ચોરીઃ</u> <u>સમાચાર યાદી નં.૧૧૯૬/૨૦૨૨</u>

**વસ્ત્રાપુરઃ** દિપકભાઇ વિનોદભાઇ પટેલ (ઉ.વ.૩૭)(રહે.મેપલટ્રી સુરધારા સર્કલ નજીક ઘાટલોડીયા) એ તા.૦૪/૦૭/૨૦૨૨ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ગુરુદ્વારા પાસે હકીમઅલી શો-રૂમની સામે એસ.જી.હાઇવે મેઇન રોડ ઉપર પાર્ક કરેલ પોતાની ફોર્ચ્યુનર કારની ડ્રાઇવર સીટની પાછળના દરવાજાનો કાચ તોડી, સીટ ઉપર મુકેલ રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/-, મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, પાવરબેંક કિંમત રૂપિયા ૨,૦૦૦/-તેમજ અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૮,૩૨,૦૦૦/- ની મતા મુકેલ બેગ કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.રાજપુત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૭/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટ**ઃ રોનકભાઇ શૈલેષભાઇ ઠાકોર (ઉ.વ.૨૩)(રહે.ઠાકોરવાસ નવરંગાપુરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૭/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગે મેટ્રોબ્રીજ પાસે રિવરફ્રન્ટ વોક-વે નજીક પોતાની જાતે સાબરમતી નદીમા ઝંપલાવતા સારવાર માટે તેમને એસવીપી હોસ્પીટલ ખાતે લઇ જતા રાતના ૧૧/૦૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદિશચંદ્ર આતમારામ ચલાવે છે.

**બાપુનગર**ઃ કવિતાબહેન વા/ઓ કમલેશભાઈ ચિતારા (ઉ.વ.૩૦)(રહે,ગુ.હા.બોર્ડ, ત્રણ માળીયા એમ.ડી. મટન પાસે બાપુનગર)એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૭/૨૦૨૨ સાંજના ૬/૫૫ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી